ગિફ્ટ સિટી ઝડપભેર ફાઈનાન્શિયલ વર્લ્ડનું પાવર હાઉસ બનશેઃ મુખ્ય પ્રધાન

ગાંધીનગરઃ પાટનગર નજીક આવેલું ગિફ્ટ સિટી હવે ઝડપભેર ફાઈનાન્શિયલ વર્લ્ડનું પાવર હાઉસ બની રહ્યું છે. નરેન્દ્ર મોદીએ તત્કાલીન મુખ્ય પ્રધાન તરીકે ગિફ્ટ સિટીના નિર્માણથી ગુજરાતને માત્ર નાણાં સંસ્થાઓ જ નહીં પરંતુ કોમોડિટી એકસચેન્જ, શેર ટ્રાન્ઝેકશન્સ, ડેરીવેટીવ્ઝ અને આંતરરાષ્ટ્રીય સ્ટોક માર્કેટનું હબ બનાવવાનું સેવેલું સપનું હવે સાકાર થયું છે. મુખ્ય પ્રધાને ગિફ્ટ સિટીમાં ખાનગી બૅંકના આઈએફએસસી ન્યૂ હેડકવાર્ટરનો પ્રારંભ કરાવતા જણાવ્યું હતું કે, નરેન્દ્રભાઈના નેતૃત્વની કેન્દ્ર સરકારે વર્તમાન બજેટમાં ગિફ્ટ સિટી માટે જે વિશેષ પ્રોત્સાહનો આપ્યા છે તે ગુજરાતને દેશના નવા આર્થિક કેન્દ્રના રૂપમાં વધુ વ્યાપક સ્તરે વિક્સિત કરશે. દેશની કુલ વસ્તીના પાંચ ટકા વસ્તી ધરાવતું ગુજરાત દેશના અર્થતંત્રના વિકાસમાં સાત ટકાથી વધુ યોગદાન આપી રહ્યું છે. ભવિષ્યને ધ્યાને રાખીને ફયુચરીસ્ટીક ઇન્ફ્રાસ્ટ્રકચર ઉપલબ્ધ કરાવાય તો મોસ્ટ પ્રિફર્ડ ઇન્વેસ્ટમેન્ટ ડેસ્ટીનેશન બની શકાય છે ગિફ્ટ સિટીમાં ફાઈનાન્શિયલ ઈન્સ્ટિટયૂટસ, બૅંકસ વગેરેના આગમનથી ગુજરાતના યુવાઓ માટે અનેકવિધ રોજગાર અવસર મળશે. ■

આગામી બજેટસત્ર સહિત વિવિધ પ્રશ્નો અંગે પ્રધાનમંડળની બેઠકમાં થઈ ચર્ચા

ગાંધીનગરઃ ગુજરાત વિધાનસભાના બજેટસત્રનો આગામી તા. ૧૯મી ફેબ્રુઆરીથી પ્રારંભ થઈ રહ્યો છે અને તા. ૨૦મી ફેબ્રુઆરીએ નાણાપ્રધાન નીતિન પટેલ વર્ષ ૨૦૧૮-૧૯ના વર્ષનું બજેટ રજૂ કરશે. ગાંધીનગરમાં બુધવારે મળેલી પ્રધાનમંડળની બેઠકમાં બજેટસત્ર સહિત વિવિધ પ્રશ્નો અંગે ચર્ચા કરવામાં આવી હતી. વિજય રૂપાણીના નેતૃત્વમાં બુધવારે રાજ્યના પ્રધાનમંડળની બેઠક મળી હતી. બેઠકમાં આગામી સપ્તાહથી શરૂ થતાં બજેટસત્રમાં વિપક્ષ કૉંગ્રેસના વિરોધનો મક્કમતાથી સામનો કરવા અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. તેમ જ બજેટસત્રમાં વિવિધ બિલો, વિધેયકોને મંજૂરી માટે મૂકવાની અનુમતિ આપવામાં આવી હતી. રૂપાણીએ પોતાની દિલ્હી મુલાકાત દરમિયાન વડા પ્રધાન નરેન્દ્ર મોદી સાથે ગુજરાતના પ્રશ્નોની થયેલી ચર્ચાની વિગતો પણ આપી હતી. ઉનાળામાં પીવાના પાણીની સમસ્યા ન સર્જાય તેના આગોતરા આયોજન અંગે પણ ચર્ચા કરવામાં આવી હતી. આ ઉપરાંત કેનેડાના વડા પ્રધાન આગામી સપ્તાહે ગુજરાતની મુલાકાતે આવી રહ્યા હોવાથી તેમ જ મોદીની સુરતની મુલાકાત સંદર્ભે પણ ચર્ચા કરવામાં આવી હતી. સૂત્રોએ ઉમેર્યું હતું કે ગુજરાત વિધાનસભાના બજેટ સત્રમાં કૉંગ્રેસ પ્રજાના પ્રશ્નો ઉઠાવીને આક્રમક વલણ દાખવવાની હોઈ વિપક્ષનો સામનો કરવા તેમ જ પ્રધાનોને ટૂંકા અને મુદ્દાસર જવાબો આપવાની સૂચના આપવામાં આવી હતી. ■

પ્રેમનો વિરોધઃ રિવરફ્રન્ટ પર બજરંગદળના કાર્યકરોએ લાઠીઓ લઈને પ્રેમી-પંખીડાને ભગાડ્યા

અમદાવાદઃ ગુજરાતમાં પ્રેમના પ્રતીક ગણાતા વેલેન્ટાઈન્સ ડેની પ્રેમી-પંખીડાએ એકબીજાને ફૂલ અને ગિફ્ટ આપીને પ્રેમનો એકરાર કર્યો હતો. દરમિયાન અમદાવાદમાં સાબરમતી રિવરફ્રન્ટ ઉપર વેલેન્ટાઈન ડેની ઉજવણી કરવા આવેલા યુવાનોને હિન્દુ સંગઠનોના કાર્યકરોએ ભગાડ્યા હતા. આ બનાવને પગલે પોલીસે દસ લોકોની અટકાયત કરી હતી. તેમ જ ફરીથી કોઈ અનિચ્છનીય ઘટના પોલીસ દ્વારા સતત પેટ્રોલિંગ કરવામાં આવ્યું હતું. વેલેન્ટાઈન્સ ડેની ઉજવણી કરવા માટે યુવાનો થનગની રહ્યાં હતા. તેમ જ તેમણે અગાઉથી તૈયારીઓ પણ કરી હતી. કેટલાક યુવક-યુવતીઓએ હાથ ઉપર ટેટુ પણ ચિતરાવ્યા હતા.

બુધવારે વેલેન્ટાઈન-ડેની યુવાનોએ ઉજવણી કરી હતી. પ્રેમી-પંખીડાઓએ એકબીજાને ગુલાબ અને ગિફ્ટ આપીને પ્રેમનો એકરાર કર્યો હતો. શહેરના રિવરફ્રન્ટ ઉપર સવારથી જ મોટી સંખ્યામાં પ્રેમી-પંખીડા ઊમટી પડ્યા હતા. બીજી તરફ વિદેશી સંસ્કૃતિનો વિરોધ કરતા હિન્દુ સંગઠનના કાર્યકરો વેલેન્ટાઈન્સ-ડેનો વિરોધ કર્યો હતો. વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગદળના કાર્યકરો રિવરફ્રન્ટ ગયા હતા. જયાં વેલેન્ટાઈન્સ-ડેની ઉજવણી કરતા યુવાનોને ભગાવ્યા હતા. જેના પગલે નાસભાગ મચી ગઈ હતી. વિહિપના કાર્યકર્તાઓ દ્વારા વેલેન્ટાઇ ડેનો વિરોધ કરવામાં આવ્યો હતો. બુધવારે સવારે સાબરમતી રિવરફ્રન્ટ ખાતે વિહિપના કાર્યકર્તાઓએ વિરોધ નોંધાવતાં પ્રેમી-પંખીડાઓને દોડાવ્યા હતા. આ ઉપરાંત રિવરફ્રન્ટ પર બેસેલા લોકો અને વિરોધ કરનારાઓ વચ્ચે ઉગ્ર બોલચાલી અને ઘર્ષણના દશ્યો સર્જાયા હતા. જે બાદ ઘટનાની જાણ થતાં પોલીસ રિવરફ્રન્ટ પહોંચી ગઇ હતી અને વિરોધ કરી રહેલાં ૧૦થી વધુ કાર્યકર્તાઓની અટકાયત કરી હતી. તેમ જ રિવરફ્રન્ટ ખાતે આવી કોઇ ઘટના ન બને તે માટે પોલીસ દ્વારા સતત પેટ્રોલિંગ કરવામાં આવ્યું હતું. ■

રાજ્ય સરકારે ₹ ૩૬૦૦ કરોડની ૮૧ લાખ ક્વિન્ટલ મગફળીની ટેકાના ભાવે ખરીદી કરી

ગાંધીનગરઃ રાજ્યભરમાં ખેડૂતોને મગફળીના પૂરતા અને પોષણક્ષમ ભાવ મળી રહે તે માટે રાજ્ય સરકારે ખાસ અભિયાન હાથ ધર્યું છે. રાજ્ય સરકારે ખેડૂતો પાસેથી ટેકાના ભાવથી મગફળી ખરીદી કરવાનો સ્તુત્ય નિર્ણય કર્યો હતો. રાજ્ય સરકારે ટેકાના ભાવની યોજના અંતર્ગત ખેડૂતોને મગફળીના પોષણક્ષમ અને પૂરતાં ભાવ મળી રહે તે માટે તા. ૨૫/૧૦/૨૦૧૭થી નાફેડ દ્વારા રાજ્યમાં ટેકાના ભાવથી વિવિધ કેન્દ્રો ખાતે મગફળીની ખરીદી કરવામાં આવી હતી. જેમાં ખેડૂતો પાસેથી ૮૦૮૭૦૭૧.૬૮ ક્વિન્ટલ મગફળીને ખરીદી કરવામાં આવી છે, જેનું મૂલ્ય રૂ. ૩૬૩૯.૧૮ કરોડ થાય છે, તેમ ખેતી નિયામકે જણાવ્યું હતું. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, રાજ્ય સરકારે ખેડૂતોને તેમની પરસેવાની કમાણીનાં નાણા ઓનલાઈન ચૂકવવા માટે પારદર્શી પદ્ધતિ અપનાવી છે. ખેડૂતો પાસેથી ખરીદાયેલી મગફળીનાં ચૂકવવામાં આવતા નાણાં સીધા ખેડૂતોના બૅંક ખાતામાં જમા કરવામાં આવે છે. અત્યાર સુધીમાં નાફેડ દ્વારા ખેડૂતોને રૂ. ૨૮૩૩.૬૪ કરોડ ચૂકવવામાં આવેલા છે. આ ઉપરાંત ખેડૂતોને મગફળીના નાણાં સમયસર ચૂકવાય તે માટે રાજ્ય સરકાર દ્વારા રૂ.૪૧૬.૩૫ કરોડનું રીવોલ્વિંગ ફંડ પૂરું પાડવામાં આવેલ છે. જે ખેડૂતોએ ખરીદ કેન્દ્રો પર મગફળી વેચી છે. તેવા મોટાભાગના ખેડૂતોને તેમના નાણાં ચૂકવવામાં આવેલા છે, તેમ જ બાકી રહી ગયેલા ખેડૂતો માટે ચુકવણીની પ્રક્રિયા ચાલુ છે. ■

સીબર્ડ મરીન સર્વિસીસ પ્રાયવેટ લિમિટેડ
પ્લોટ નં. ૭૦-૮૧, સેકટર-૧, દ્રોણગિરિ.
ફો. નં.: (૦૨૨) ૨૭૨૪૩૬૦૦
ફેક્સઃ (૦૨૨) ૨૭૩૪ ૩૬૦૧.

સીબર્ડ-CFS ખાતે અનકલેઇમ્ડ અનકલીયર્ડ આયાતી કારગોનું ઓકશન વેચાણ

મે. ગાંધી ઓકશનીઅર્સ પ્રા. લિ. ભારત સરકારના નિર્દેશનના નિયમોમાં સીબર્ડ મરીન સર્વિસીસ પ્રાયવેટ લિમિટેડ CFS-દ્રોણગિરી નોડ ખાતે ઉપલબ્ધ અનક્લેઈમ્ડ/અનકલીયર્ડ આયાતી કોરગોનું એક જાહેર ઈ-ઓકશન - સહ-ઈ-ટેન્ડર યોજી રહેલ છે. આઈટેમોમાં સમાવિષ્ટ છે રો મરીટીયલ્સ, ફાર્માસ્યુટીકલ્સ, ટેક્ષટાઈલ્સ અને બીજી કન્ઝયુમેબલ/ પરચુરણ આઈટેમો. કેટલોગમાં સમાવિષ્ટ વિગતવાર નિયમો અને શરતો મુજબ જેમ છે તેમ છે ધોરણે આઈટેમો વેચાશે જે અમારા ઓકશનીઅર મે. ગાંધી ઓકશનીઅર્સ પ્રા. લિ. ૩૦૨, બ્લ્યુચીપ, સી. ડી. બરફીવાલા રોડ, અંધેરી (પ), મુંબઈ ૪૦૦૦૫૮. (ટેલિઃ ૦૨૨ ૨૬૨૪૩૮૩૨) પાસે ઉપલબ્ધ છે. ઓકશન્સ ૨૭.૦૨.૨૦૧૮ અને ૧૬.૦૩.૨૦૧૮ના નિમ્નલિખિત સાઈટ પર ઈ-બિડીંગ મારફત યોજાશે. ૨૬.૦૨.૨૦૧૮ અને ૧૫.૦૩.૨૦૧૮ના સાં. ૦૬ ક. ઈ-ટેન્ડર બંધ થશે.

www.gaplonline.com

સીબર્ડ મરીન સર્વિસીસ પી.લિ., પ્લોટ નં. ૭૦-૮૧, સેકટર-૧, દ્રોણગિરિ નોડ, નવી મુંબઈ ખાતે તમામ કામના દિવસો પર સ. ૧૦ ક. થી સાં. ૫ ક. વચ્ચે તા. ૨૭.૦૨.૨૦૧૮ના ઓકશન માટે ૧૯.૦૨.૨૦૧૮ થી ૨૬.૦૨.૨૦૧૮ સુધી અને તા. ૧૬.૦૩.૨૦૧૮ના ઓકશન માટે ૦૭.૦૩.૨૦૧૮ થી ૧૫.૦૩.૨૦૧૮ સુધી કારગો તપાસી શકાશે. રજિસ્ટ્રેશન અને કેટલોગ માટે કૃપયા ઉપરોક્ત સરનામા/ સાઈટ ખાતે ઓકશનીઅર્સનો સંપર્ક કરશો.

ઈ. કે. હરિદાસન
સી. મેનેજર (ઓપરેશન્સ)

PUBLIC NOTICE પબ્લિક નોટીસ

ચેતવણી નોટિસ

આથી ખબર આપવામાં આવે છે કે, એફ-૬૦, મલહોત્રા બિલ્ડીંગ, ૨જા માળે, કોનોટ પ્લેસ, નવી દિલ્હી-૧૧૦૦૦૧ ખાતે તેનું રજિસ્ટર્ડ સરનામું ધરાવનાર **જુવેન્ટસ બિલ્ડવેલ લિમિટેડ** પાસેથી ખરીદવા માટે અમારા અસિલો પાસે વેલિડ અને બંધનકર્તા એગ્રીમેન્ટસ છે જે (i) ફ્લેટ નં. ૨૩ અને મકાનના કંપાઉન્ડમાં એક ઓપન કાર પાર્કીંગ જગ્યા અને (ii) ફ્લેટ નં. ૨૪ નારાયણ દાભોલકર રોડ, મુંબઈ-૪૦૦૦૦૬ ખાતે આવેલ **બખ્તાવર** મકાનના ૨જા માળ પર બન્ને છે જેની સાથે ગેરેજ નં. ૯ અને શેર સર્ટિફિકેટ નં. ૧૦ હેઠળ ડિસ્ટિંક્ટીવ નં. ૪૬થી ૫૦ (બન્ને સહિત) ધરાવતા અને શેર સર્ટિફિકેટ નં. ૧૧ હેઠળ ડિસ્ટિંક્ટીવ નં. ૫૧થી ૫૫ (બન્ને સહિત) ધરાવતા શેર્સ છે જે બખ્તાવર કો-ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લિમિટેડના છે (**''સોસાયટી''**) (બે ફ્લેટસ, ગેરેજ, કાર પાર્કીંગ જગ્યા અને ૧૦ શેર્સ અહીં પરિશિષ્ઠમાં વર્ણવેલ છે અને હવે પછી સંયુક્ત રીતે **''પ્રીમાઈસીસ''** તરીકે ઉલ્લેખાશે) વિશે છે. જુવેન્ટસ બિલ્ડવેલ લિમિટેડ અને અમારા અસિલો બે ફ્લેટસમાં રહેલ ફર્નિચર અને ફિક્ષ્ચરના વેચાણ માટેના એક એગ્રીમેંટમાં પણ દાખલ થયેલા છે. અમારા અસિલોએ જુવેન્ટસ બિલ્ડવેલ લિમિટેડને પ્રીમાઈસીસ અને ફર્નિચર તથા ફિક્ષ્ચર માટે તમામ એગ્રીમેન્ટસ હેઠળ બાના રકમ પણ ચુકવી છે.

અમારા અસિલોની જાણમાં આવેલ છે કે, એમ-૬૨ અને ૬૩, પહેલા માળે, કોનોટ પ્લેસ, નવી દિલ્હી-૧૧૦૦૦૧ ખાતે તેની રજિસ્ટર્ડ ઓફિસ અને ૯મા માળે, ઈન્ડીયાબુલ્સ ફાયનાન્સ સેન્ટર, એલ્ફિન્સ્ટન રોડ, મુંબઈ-૪૦૦૦૧૩ ખાતે તેની બ્રાન્ચ ઓફિસ ધરાવનાર **ઈન્ડીયાબુલ્સ એસેટ રીકંસ્ટ્રકશન કંપની લિમિટેડે** ૨૨મી ફેબ્રુઆરી, ૨૦૧૮ના ઓનલાઈન પબ્લિક ઓક્શન દ્વારા પ્રીમાઈસીસના વેચાણ માટે SARFAESI (સરફેસી)ની જોગવાઈઓ હેઠળ **''ઈ-ઓકશન (ઓનલાઈન ઓક્શન) દ્વારા વેચાણ નોટિસ''** માટે જાહેર નોટિસ આપી છે.

વધુમાં ખબર આપવાની કે, અમારા અસિલો પ્રીમાઈસીસની ખરીદી માટે માન્ય અને બંધનકર્તા એગ્રીમેન્ટસ ધરાવે છે અને પ્રીમાઈસીસ પર લીઅન અને ચાર્જ ધરાવવા બાના રકમ ચુકવી દીધી છે. અમારા અસિલો બાકી કંસીડરેશન ચૂકવવા અને કબુલાયેલ નિયમો પર વેચાણ ટ્રાન્ઝેક્શન પૂરું કરવા હંમેશાં તૈયાર અને રાજી છે.

આથી જાહેર જનતાને ખબર આપવામાં આવે છે કે, કોઈપણ વ્યક્તિ કે પાર્ટી આથી પ્રીમાઈસીસ ખરીદશે અને/ અથવા સંપાદન કરશે તો તે જુવેન્ટસ બિલ્ડવેલ લિમિટેડ, ઈન્ડીયાબુલ્સ એસેટ રીકંસ્ટ્રક્શન કંપની લિમિટેડ અને ભાવિ ખરીદદાર/રો સામે નુકશાની અને પ્રીમાઈસીસ પર લીઅન અને ચાર્જનું એન્ફોર્સીંગ અને બાના રકમ તરીકે ચૂકવાયેલ રકમની રીકવરી માટે અને/ અથવા સ્પેસિફિક પરફોર્મન્સ માટે પ્રારંભ કરી શકનાર અમારા અસિલોની કોઈપણ કાયદાકીય પ્રક્રિયા (લિગલ/ક્રિમિનલ)ને આધિન અને પ્રીમાઈસીસ પર અમારા અસિલોના ચાર્જ અને અમારા અસિલોના હક્કને આધિન રહેશે.

ઉપર ઉલ્લેખાયેલનું પરિશિષ્ઠ

(૧) ફ્લેટ નં. ૨૩ (૨૩૮૨ ચો.ફી. બિલ્ટ અપ એરીયા) અને એક ઓપન કાર પાર્કીંગની જગ્યા બિલ્ડીંગના કંપાઉંડમાં અને (૨) ફ્લેટ નં. ૨૪ (૬૭૫ ચો.ફી. બિલ્ટ અપ એરીયા) ગેરેજ નં. ૯ સાથે બંને બિલ્ડીંગ **બખ્તાવર**ના ૨જા માળે જે ૨૨, નારાયણ દાભોલકર રોડ, મુંબઈ-૪૦૦૦૦૬ ખાતે મલબાર અને કંબાલા હિલ ડીવીજનના સી.એસ. નં. ૨૨૨ ધરાવતા પ્લોટ પર સ્થિત છે અને શેર્સ જેના ડીસ્ટીંક્ટીવ નં. ૪૬થી ૫૦ (બંને સહિત) છે જે શેર સર્ટીફીકેટ નં. ૧૦ હેઠળ છે તથા ડીસ્ટીંક્ટીવ નં. ૫૧થી ૫૫ (બંને સહિત) જે શેર સર્ટીફીકેટ નં. ૧૧ હેઠળ બખ્તાવર કો-ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લિમિટેડ (''સોસાયટી'')ના છે અને બંને ફ્લેટસમાં ફર્નીચર તથા ફીક્ષ્ચર્સ.

આજ તા. ૧૫ ફેબ્રુઆરી, ૨૦૧૮
સહી/-
Ms. કે. મર્ચંટ
એડવોકેટ અને સોલીસીટર,
જેરોમ મર્ચંટ એન્ડ પાર્ટનર્સ,
ફ્રી પ્રેસ હાઉસ, # ૮૩,
૮મો માળ, નરીમાન પોઈન્ટ,
મુંબઈ-૪૦૦૦૨૧.

તાપી નદીમાંથી ગેરકાયદે રેતીખનન કરતા ભાજપના ધારાસભ્યના પુત્ર સામે ફરિયાદ

(અમારા પ્રતિનિધિ તરફથી)

સુરતઃ શહેરના સરથાણા વિસ્તારમાં રાત્રીના સમયે તાપી નદીમાંથી ગેરકાયદે રેતીખનન કરતા કામરેજના ભાજપના ધારાસભ્ય વી. ડી. ઝાલાવાડિયાના પુત્ર સામે ફરિયાદ નોંધાતા રાજકીય વાતાવરણમાં ગરમાવો આવ્યો છે. સુરતના સરથાણા વિસ્તારમાં રાત્રિના સમયે તાપી નદીમાંથી ગેરકાયદે રેતીખનન કરતા કામરેજના ધારાસભ્ય વી. ડી. ઝાલાવાડિયાના પુત્ર સામે ફરિયાદ નોંધવામાં આવી છે. સ્થાનિકોએ ધારાસભ્યના પુત્રને રેતીખનન કરતાં અટકાવતાં તેને ધમકી આપવાના મુદ્દે સ્થાનિકોની ફરિયાદના આધારે સરથાણા પોલીસે ધારાસભ્યના પુત્ર અને તેના મિત્ર વિરુદ્ધ ગુનો નોંધી તપાસ શરૂ કરી હતી. મૂળ ભાવનગરના ગારિયાધાર તાલુકાના રૂપાવટી ગામના વતની અને સરથાણા શ્યામધામ મંદિર પાસે શિવપ્લાઝા બિલ્ડિંગની સામે ખોડિયાર કૃપા સોસાયટીમાં રહેતા અલ્પેશ બાબુભાઈ ડોંડા કાર્ટિંગનો વેપાર કરી ગુજરાન ચલાવે છે. છેલ્લા કેટલાક સમયથી તેમના ઘર પાસેથી રાત્રિના સમયે રેતીખનન થતું હતું. દરમિયાન ૧૨મીના રોજ રાત્રિના સમયે કામરેજ વિધાનસભા ધારાસભ્ય વી.ડી. ઝાલાવડિયાના પુત્ર શરદ અને તેનો મિત્ર શૈલેષ મેર રેતી કાઢતા હતા. અલ્પેશ ડોંડાએ તેને અટકાવીને રેતીખનન ગેરકાયદેસર હોવાનું જણાવ્યું હતું. જેથી શરદ અને શૈલેષે તેને ધમકી આપી હતી. શરદે પોતાને ધારાસભ્ય પિતા વી.ડી. ઝાલાવાડિયાની ઓળખાણ આપી કહ્યું હતું કે મારા પિતા ધારાસભ્ય છે. જેમ ચાલે છે તેમ ચાલવા દો, દખલગીરી કરશો નહીં તેમ કહી બબાલ કરી હતી. આ બબાલ બાદ બીજા દિવસે શૈલેષ અને શરદે મોબાઈલ પર ધમકી આપી હતી. શૈલેષ મેરે વધુ ધમકી આપતાં કહ્યું કે મારા ઉપર વીસ જેટલા કેસ છે. તું તારા પરિવારને લઈ સુરતમાંથી નીકળી જા કહી ધમકીઓ આપી હતી. અલ્પેશે કલેક્ટર ઑફિસમાં ફરિયાદ કરતાં પોલીસ એક્સનમાં આવી હતી. ■

ભાજપ દ્વારા સરપંચ અભિવાદન સમારોહ યોજાયોઃ જૂનાગઢના સરપંચે સરકારનો કર્યો વિરોધ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં તાજેતરમાં યોજાયેલી ગ્રામ પંચાયતોની ચૂંટણીના પરિણામો જાહેર થઈ ચૂક્યાં છે, ત્યારે જીતનારા ૮૦ ટકા સરપંચો ભાજપ સમર્થિત હોવાનો દાવો પ્રદેશ ભાજપ દ્વારા કરવામાં આવ્યો હતો. દરમિયાન બુધવારે અમદાવાદ નજીક કમલમ ખાતે ભાજપ દ્વારા ચૂંટણીમાં વિજેતાઓના સન્માન માટે સરપંચ અભિવાદન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. સમારોહની શરૂઆત પહેલા એક સરપંચે સરકાર સામે નારાજગી દર્શાવી હતી. પ્રાપ્ત માહિતી અનુસાર ભાજપ કાર્યાલય કમલમ ખાતે સરપંચ અભિવાદન સમારોહ યોજાયો હતો. જોં મુખ્ય પ્રધાન વિજય રૂપાણી, નાયબ મુખ્ય પ્રધાન નીતિન પટેલ, પ્રદેશ ભાજપના પ્રમુખ જીતુ વાઘાણી સહિત સંગઠનના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યાં હતાં અને જીતનાર સરપંચોને અભિનંદન આપ્યા હતા. દરમિયાન જૂનાગઢ જિલ્લાના મળિયા તાલુકાના પિખોર ગામના સરપંચ દીપક સોંદરા ભીખારીએ સરકાર પર સરપંચોને માત્ર શોભાના ગાંઠિયા તરીકે ઉપયોગ કરતી હોવાનો આક્ષેપ કરીને વિરોધ કર્યો હતો. આ સરપંચે સરપંચોને ઓળખ કાર્ડ સહિતના મહત્ત્વના વિવિધ મુદ્દાઓની માગણી કરી હતી. સરપંચના આ નિવેદન દરમિયાન ભાજપના આગેવાનોએ તેને બોલતા અટકાવ્યો હતો અને કાર્યક્રમ સ્થળની બહાર લઈ જવામાં આવ્યો હતો. ભાજપ કાર્યાલય ખાતે સરપંચ અભિવાદન સમારંભમાં કાર્યક્રમ પહેલા જ જૂનાગઢના એક ગામના સરપંચે સરકારનો વિરોધ કરતા ખળભળાટ મચી ગયો હતો. તેમ જ તરેહ-તરેહની અટકળો વહેતી થઈ હતી. તાજેતરમાં જ ગ્રામપંચાયતોની ચૂંટણી યોજાઈ હતી. જેમાં વિજેતા થયેલા ૮૦ ટકા સરપંચ ભાજપ સમર્થિત હોવાનો ભાજપ દ્વારા દાવો કરવામાં આવ્યો હતો. ■

મધ્ય રેલવે

લોકોમોટીવ્સના સેન્ડ બોક્ષીસ માટે ડ્રાય સ્ક્રીન્ડ સેન્ડ

કામનું નામઃ બે વર્ષ (૭૩૦ દિવસ)ની મુદત માટે ઉપનગરીય અને બિનઉપનગરીય એરીયામાં ક્રુ ચેન્જીંગ સ્થળોના ઈલેક્ટ્રીક લોકોમોટીવ્સના સેન્ડ બોક્ષીસમાં ડ્રાય સ્ક્રીન્ડ સેન્ડની સપ્લાય, ટ્રાન્સપોર્ટેશન, લોડીંગ અને અનલોડીંગ. **સ્થળઃ** મુંબઈ ડીવીઝન. **અંદાજીત ખર્ચઃ** ₹ ૯,૩૪,૫૧,૨૦૫.૫૦. **બારડીઃ** ₹ ૬,૧૭,૨૬૦/-. **ટેન્ડર ફોર્મની કિંમતઃ** ₹ ૧૦,૦૦૦/-. **પૂર્ણતા મુદતઃ** ૨ વર્ષ. **ઓફીસનું સરનામુંઃ** સીની. DEE (TRSO) BB, IIજો માળ, એનેક્ષ બિલ્ડીંગ, રીઝર્વેશન સેન્ટર, રેલવેની ઉપર, છત્રપતિ શિવાજી મહારાજ ટર્મીનસ, મુંબઈ. **ટેન્ડર બંધ થવાની તારીખઃ** ૧૯/૩/૨૦૧૮ના ૧૧ ક. વેબસાઇટ જયાંથી ટેન્ડર ડાઉનલોડ કરી શકાયઃ **www.ireps.gov.in**
ટેન્ડર નં.: **BB/TRSO/સેન્ડ ફીલીંગ/૨૦૧૭-૧૯-S&NS.**

રેલ સંબંધીત સૂચનો/ફરિયાદો માટે ૧૩૮ ડાયલ કરો 1068

પશ્ચિમ રેલવે

રીયર વ્યુ પ્રોજેક્સન ડીસ્પ્લે સીસ્ટમ માટે AMC

ઈ-ટેન્ડર નં.: SG/૬૨૩/૧૧૧૨/WA (R) તા. ૧૨-૨-૨૦૧૮. **કામનું નામઃ** પશ્ચિમ રેલવે, મુંબઈ ડીવીજનના સેન્ટ્રલ કંટ્રોલ ઓફિસ, મુંબઈ સેન્ટ્રલ ખાતે ઈન્સ્ટોલ કરાયેલ VTRON મેક DLP બેઝ્ડ રીયર વ્યુ પ્રોજેક્સન ડીસ્પ્લે સીસ્ટમ માટે વાર્ષિક જાળવણી કરાર (૦૩ વર્ષનો AMC). **કામનો અંદા. ખર્ચઃ** ₹ ૯૦,૦૮,૫૯૬.૯૮. **જ્યાં ઈ-ટેન્ડર ખૂલશે તે ખાસ ઓફિસઃ** સીનીયર ડીવીજનલ સીગ્નલ એન્ડ ટેલિકોમ એન્જીનીયર (સાઉથ), ૨જા માળે, ડીવીજનલ રેલવે મેનેજરની ઓફિસ, મુંબઈ સેન્ટ્રલ, મુંબઈ - ૪૦૦૦૦૮. **બારડીઃ** ₹ ૧,૮૦,૧૮૦/-. **ઈ-ટેન્ડર દસ્તાવેજોની સુપ્રતિ માટે તારીખ અને સમયઃ** ૨૮.૩.૨૦૧૮ના ૧૫ ક. **ઈ-ટેન્ડરના ખૂલવાની તારીખ અને સમયઃ** ૨૮.૩.૨૦૧૮ના ૧૫.૩૦ ક. બાદ. ટેન્ડરનું નિરીક્ષણ વેબસાઇટ **http://www.ireps.gov.in** ખાતે કરી શકાશે.

અમને ફોલો કરોઃ twitter.com/WesternRly 16-04

પશ્ચિમ રેલવે

ઈલેક્ટ્રીકલ કામો

સી. ડિવિઝનલ ઈલેક્ટ્રીકલ એન્જીનીઅર (પાવર), પશ્ચિમ રેલવે, મુંબઈ સેંટ્રલ, મુંબઈ નીચેના ઈલેક્ટ્રીકલ કાર્ય માટે ઈ-ટેન્ડર મંગાવે છેઃ **ઈ-ટેન્ડર નં.:** EL ૮૧/૭/૮૫૯/ WA/૩૩ તા. ૧૨.૦૨.૨૦૧૮. **કામનું નામઃ** મુંબઈ ઉપનગર સેક્શનઃ મુંબઈ સેંટ્રલ ખાતે પાણી પુરવઠા પદ્ધતિ માટે પમ્પ સેટ્સ અને રેલ નિકુંજ બિલ્ડીંગ/ મુંબઈ સેંટ્રલ, એકાઉન્ટ્સ ડીપાર્ટમેન્ટ/ ચર્ચગેટના રીનોવેશન/ રીવાઈરીંગ સંબંધીત ઈલેક્ટ્રીકલ પાવર, લાઈટીંગ અને એરકંડીશનીંગ વ્યવસ્થાઓની જોગવાઈ. **કામની અંદાજે કિંમતઃ** ₹ ૨૪,૪૫,૬૦૧/-. **બારડીઃ** ₹ ૪૮,૯૨૦/-. **પાકતી તારીખઃ** ૨૬.૦૩.૨૦૧૮. **સુપ્રતિની તારીખ અને સમયઃ** નિયત રીતમાં ૨૬.૩.૨૦૧૮ના ૧૫.૦૦ ક.થી મોડું નહીં. **ખુલવાની તારીખ અને સમયઃ** ૨૬.૩.૧૮ના ૧૫.૩૦ ક. ઉપરોક્ત કાર્યાલય ખાતે ટેન્ડર ખુલશે. **વેબસાઈટ વિગતોઃ** વેબસાઈટ **http://www.ireps.gov.in** દ્વારા ટેન્ડર નિરીક્ષણ અને સુપ્રત કરી શકે છે.

અમને ફોલો કરોઃ twitter.com/WesternRly 16-06

પશ્ચિમ રેલવે

નંદુરબાર સ્ટેશન બિલ્ડીંગ અને પ્લેટફોર્મની સુધારણા

ડેપ્યુટી ચીફ એન્જીનીઅર (કંસ) પશ્ચિમ રેલવે, રેલવે સ્ટેશન નજીક, રેલવે કોલોની, વરાછા રોડ, સુરત ૩૯૫૦૦૬. નીચેના ટેન્ડર માટે સીંગલ પેકેટ સીસ્ટમ દ્વારા ઈ-ટેન્ડર પોર્ટલ **www.ireps.gov.in** દ્વારા ઓફર મંગાવે છે. ટેન્ડર નં. **Dy. CE (C) ST/૧૨૯.** કાર્યનું **નામઃ** પશ્ચિમ રેલવેના મુંબઈ ડીવીજનના ઉધના - જલગાવ ડબલીંગ પ્રોજેક્ટના સંબંધમાં નંદુરબાર સ્ટેશન યાર્ડ ખાતે તમામ પ્રવાસી સુવિધાઓ અને સંલગ્ન અન્ય કામો સહિત નંદુરબાર સ્ટેશન બિલ્ડીંગ અને પ્લેટફોર્મ નં. ૧ની સુધારણા. **NIT ખર્ચઃ** ₹ ૯,૦૨,૨૧,૬૪૧.૯૮. **બારડીઃ** ₹ ૬,૦૧,૧૧૦/-. **ઈ-બિડ બંધ તારીખઃ** ૧૫/૩/૨૦૧૮ના ૧૫.૦૦ ક. **ઈ-બીડ ખૂલવાની તારીખઃ** ૧૫/૩/૨૦૧૮ના ૧૫.૩૦ ક. ખૂલશે. **ટેન્ડરરોને સૂચનઃ** ૧. ફક્ત ઈ-ટેન્ડર પોર્ટલ દ્વારા ઓનલાઇન સુપ્રત થયેલ ઈ-ઓફરો ગણતરીમાં લેવાશે. કૃપયા નોંધ લેશો કે, પ્રિન્ટેડ ઓફર્સ ધ્યાનમાં લેવાશે નહીં. ૨. ટેન્ડરની તારીખ અને નિયમો અને શરતો તથા કામનો સ્કોપ અપલોડ કરાયેલ છે અને અમારી વેબસાઈટ **www.ireps.gov.in** પર ઈલેટ્રોનિક વીજાણુ પ્રકારમાં ઉપલબ્ધ છે.

અમને લાઈક કરોઃ facebook.com/WesternRly 16-12

ગુજરાતમાં વાતાવરણમાં પલટો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં અચાનક બુધવારે વાતાવરણમાં પલટો આવ્યો હતો, જેના કારણે ખેડૂતોમાં ચિંતા ફેલાઈ ગઈ હતી. અમદાવાદ જિલ્લાના વિરમગામ, માંડલ, દેત્રોજ સહિત નગરોમાં વાતાવરણમાં આવેલા પલટાથી રવી પાકને નુકસાનથી ખેડૂતોમાં ચિંતા પ્રસરી હતી. ગુજરાત સહિત અમદાવાદ જિલ્લાના વાતાવરણમાં અચાનક પલટો આવી ગયો હતો. વિરમગામ, માંડલ, દેત્રોજ સહિત અમદાવાદ જિલ્લાના વાતાવરણમાં આવેલ અચાનક પલટાના કારણે ખેડૂત વર્ગની ચિંતામાં વધારો કર્યો છે. જીરૂ, રાયડો, એરંડા, રાજગરો, ઘઉં, ધાણા જેવા અનેક રવી પાકોમાં વાદળછાયા વાતાવરણની પ્રતિકુળ અસર જોવા મળી હતી. આકાશમાં વાદળો ઘેરાવાના કારણે રવી શિયાળુ પાક જેવા કે જીરા, કપાસ,એરંડા સહિતના પાકમાં રોગ લાગું પડી ગયા હતા. જીરા પાકને મસી અને બાફલાથી વિરમગામ, માંડલ, દેત્રોજ પંથકના જીરાના પાક સુકાયા છે. રવી પાકને નુકસાન સાથોસાથ ખેડૂતો એ મોંઘાદાટ બિયારણો અને આર્થિક ખર્ચ પણ માથે પડવાની ભીતિ સેવી રહ્યા છે. ત્યારે ખેડૂતો સરકાર પાસે વળતરની આશા રાખી રહ્યા છે.■

અમદાવાદમાં જમીનમાં દાટેલી મહિલાની લાશ મળીઃ હત્યાની આશંકા

અમદાવાદઃ શહેરના જુહાપુરા ફતેવાડી કેનાલ પાછળ એક કન્સ્ટ્રકશન સાઈટ ઉપરથી અજાણી મહિલાની નિર્વસ્ત્ર હાલતમાં કહોવાયેલી લાશ મળી આવતા પોલીસે તપાસ આરંભી હતી. મૃતદેહ ઉપર વસ્ત્રો નહીં હોવાથી તેમ જ જમીનમાં દાટી દેવાયેલી હોવાથી મહિલાની હત્યા થઈ હોવાની પ્રબળ આશંકા છે. પોલીસે મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપી મૃતકની ઓળખ માટે ડીએનએ સેમ્પલ લેવાની તજવીજ હાથ ધરી હતી. શહેરના છેવાડે ફતેવાડી કેનાલની પાછળ એક સાઈટના માલિક સફીઅહેમદ અમીરમિયાં શેખે પોલીસ કંટ્રોલ રૂમમાં ફોન કરીને એક બિનવારસી લાશ જમીનમાં અડધી દટાયેલી હાલતમાં પડી હોવાની જાણ કરી હતી. જે મેસેજના પગલે સરખેજ પોલીસ ઘટના સ્થળે દોડી ગઈ હતી. જમીનમાં દટાયેલી અને દુર્ગંધ મારતી લાશનો માથાનો ભાગ તેમ જ એક પગ બહાર દેખાતો હોવાથી તેને બહાર કાઢવામાં આવી હતી. લાશ નિર્વસ્ત્ર હાલતમાં મળી આવી હતી તેમજ ચહેરાનો ભાગ વિકૃત થઈ ગયેલો જોવા મળ્યો હતો. લાશના માથાના વાળ લાંબા હોવાથી મૃતક કોઈ અજાણી મહિલા હોવાનું પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું. મૃતકની ઓળખ થઈ શકે તેમ નહીં હોવાથી તેના ડીએનએ સેમ્પલ લેવા પોલીસે કાર્યવાહી આરંભી હતી. મહિલાની હત્યા કર્યા બાદ તેની ઓળખ ના થાય તે માટે નિર્વસ્ત્ર હાલતમાં તેને અવાવરુ જગ્યાએ દાટી દેવામાં આવી હોવાની પૂરેપૂરી આશંકા છે. મહિલાની કેવી રીતે હત્યા કરાઈ છે તે જાણવા માટે તેના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલી અપાયો હતો. ■

BRIHANMUMBAI MAHANAGARPALIKA

(ઘન કચરા વ્યવસ્થાપન વિભાગ)
ઈ-ટેન્ડર નોટિસ

બૃહન્મુંબઈ મહાનગરપાલિકા (MCGM) ''૬ વર્ષની મુદત માટે જી/ઉત્તર વોર્ડમાં દાદર માહિમ બીચ ખાતે સાફસફાઈના વિસ્તૃત વ્યવસ્થાપન'' માટે ઓનલાઈન બિડસ મંગાવે છે.

''ઈ-પ્રોક્યુરમેન્ટ'' સેકશન હેઠળ MCGM ની પોર્ટલ (http://portal.mcgm.gov.in)માંથી બિડસ ડાઉનલોડ કરી શકાશે.

બિડ પ્રારંભ તારીખ અને સમય ૧૫.૦૨.૨૦૧૮ના બ. ૦૨.૦૦ ક. પછી છે અને બિડ સમાપ્તિ તારીખ અને સમય ૦૭.૦૩.૨૦૧૮ના સાં. ૦૪.૦૦ ક. સુધી છે.

ટેન્ડરની વધુ વિગતો માટે ઈચ્છુક બિડર્સ પાલિકા વેબસાઈટ (http://portal.mcgm.gov.in) ખાતે મુલાકાત લે.

બિડ દસ્તાવેજ ટપાલ દ્વારા જારી કે સ્વીકૃત થશે નહીં.

સહી/-
એક્ઝીક્યુટીવ એન્જી. (S.W.M.) પ્લાનિંગ

PRO/2177/ADV./17-18

૩૦ વર્ષ જૂની ઈમારતોનું સંરચનાત્મક પરિરક્ષણ કરવું અનિવાર્ય છે.

BRIHANMUMBAI MAHANAGARPALIKA

ઈ-ટેન્ડર નોટીસ

ડિપાર્ટમેન્ટ		:	હાયડ્રોલીક એન્જીનીયર/ ડે. હાયડ્રોલીક એન્જીનીયર (મેન્ટે.)
સેક્શન		:	A.E (મેન્ટે.) W.W.E.S
બીડ નં.		:	૭૧૦૦૧૨૧૪૪૯
વિષય		:	A.E(M)W.W.E.S. ડીવીજન હેઠળ ઈમરજન્સી સેક્શન માટે પવઈ ખાતે ૧૮૦૦ મીમી ડાયા. કુર્લા નોર્થ આઉટલેટનું પુનર્વસન અને મજબૂતીકરણ.
બીડ પ્રારંભ તારીખ અને સમય		:	૧૫.૦૨.૨૦૧૮ના સ. ૧૧:૦૦ થી
બીડ સમાપ્તિ તારીખ અને સમય		:	૨૭.૦૨.૨૦૧૮ના બ. ૧૨:૦૧ સુધી
વેબસાઈટ		:	http://portal.mcgm.gov.in
સંપર્ક વ્યક્તિઃ			
a	નામ	:	શ્રી એસ. એન. પવાર A.E(M)W.W.E.S
b	ટેલીફોન	:	૦૨૨-૨૫૧૫૩૨૪૯/૫૦ extn ૨૬૦
c	મોબાઈલ નં.	:	૯૯૩૦૨૬૦૪૫૫
d	ઈમેલ આઈડી	:	aewwmes.he@mcgm.gov.in

સહી/-
એક્ઝીક્યુટીવ એન્જીનીયર
(હેડ વર્કસ) વોટર વર્કસ.

PRO/2169/ADV./17-18

૩૦ વર્ષ જૂની ઈમારતોનું સંરચનાત્મક પરિરક્ષણ કરવું અનિવાર્ય છે.

ધોરણ-૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષા સંદર્ભે હેલ્પલાઇન કાર્યરત

ગાંધીનગરઃ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા આગામી માર્ચ-૨૦૧૮થી શરૂ થતી ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ની બોર્ડની જાહેર પરીક્ષા દરમિયાન વિદ્યાર્થી, વાલીઓ તેમ જ શાળાને માર્ગદર્શન મળી રહે તે માટે ટોલ ફ્રી હેલ્પલાઇન તા. ૧૯ ફેબ્રુઆરીથી ૨૮ માર્ચ સુધી કાર્યરત રહેશે. આ હેલ્પલાઇનમાં એક્સપર્ટ કાઉન્સેલર તેમ જ સાયકોલોજિસ્ટ દ્વારા માર્ગદર્શન આપવામાં આવશે. હેલ્પલાઇનનો સમય સવારે ૧૦.૦૦થી સાંજે ૦૬.૩૦નો છે. ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરની યાદીમાં જણાવાયું છે. ■

અમદાવાદમાં પોલીસ કર્મચારીનું મોત

અમદાવાદઃ શાંતિપુર ચોકડી પાસે પૂર ઝડપે પસાર થતા વાહને પોલીસ કર્મચારીને અડફેટે લેતા તેમનું મોત થયું હોવાનું જાણવા મળ્યું હતું. પૂરઝડપે પસાર થતા અજાણ્યા વાહને હેડ કોન્સ્ટેબલને અડફેટે લીધા હતા. આ અકસ્માતમાં ગંભીર રીતે ઘવાયેલા પોલીસ કર્મચારીનું મોત થયું હતું. આ બનાવની જાણ થતા ઉચ્ચ અધિકારીઓ સહિતનો પોલીસ કાફલો સ્થળ પર દોડી ગયો હતો. ■